વર્ષ : ૧   અંક : ૧   જાન્યુઆરી–માર્ચ, ૨૦૧૧

# લોક વાચા

નાગરિકોના વિકાસલક્ષી પ્રયાસોને ઉજાગર કરતી ત્રિમાસિક પત્રિકા



## સંપાદકીય

લોકવાચા તેના નવા કલેવર સાથે ત્રીજા વર્ષમાં પ્રવેશે છે. ગત્ વર્ષમાં લોકવાચા દ્વારા નાગરિકોને વિકાસલક્ષી જાણકારી આપવામાં આવી હતી. જેમાં સરકારશ્રીની જુદી જુદી યોજનાઓની માહિતી, માનવ અધિકારો અંગેનાં જુદાં જુદાં કાયદાઓ જેવાં કે માહિતી અધિકારનો કાયદો, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી કાયદો, પંચાયતી રાજનો કાયદો વગેરેની ઊંડાણપૂર્વક સમજ પૂરી પાડવામાં આવી હતી, સાથે સાથે નાગરિકોએ પણ પોતાના ગામમાં કરેલા વિકાસ કાર્યોનાં અનુભવોને લોકવાચા દ્વારા લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો હતો. જેનાં કારણે અન્ય નાગરિક નેતાઓને પ્રેરણા અને પ્રોત્સાહન મળ્યા હતાં. લોકવાચા ખરેખર નાગરિકોનો અવાજ બની રહે અને લોકવાચાના માધ્યમ દ્વારા નાગરિકો પોતાના વિચારો, અનુભવો, વિકાસલક્ષી મુદ્દાઓ અને તેના ઉકેલો શું હોઈ શકે તે રજુ કરે.

આમ, લોકવાચા વંચિતોના દબાયેલા અવાજને વધુ અસરકારક અને મજબુત બનાવવાનું માધ્યમ બની રહે જેથી ન્યાયી સમાજનું નિર્માણ થાય. આ અંકમાં સારું શાસન કોને કહેવાય અને સ્થાનિક સ્વશાસનને મજબુત બનાવવા કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ તેના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. તે ઉપરાંત નાગરિક નેતાની વિકાસમાં ભૂમિકા કેવી હોઈ શકે તેના વિશે સમજાવવામાં આવ્યું છે. અંતમાં, લોકવાચા લોકોના અવાજને રજુ કરતું મુખપત્રક બની રહે તે માટે આપના અનુભવો, મંતવ્યો, પ્રતિભાવો અને સૂચનો આવકારદાયક છે. લોક વાચાનું પ્રકાશન દર ત્રણ મહિને કરવામાં આવશે.

*“નથી કલમ, નથી કાગળ અમારા હાથમાં, છે માત્ર થોડી હિંમત અને શ્રદ્ધાનું કોડીયું... નીકળ્યા છીએ અમે કંઈક એ રીતે અધિકાર મેળવવા, આપણા માટે જ બનાવેલા અધિકારોને યાદ કરાવવા”*

ઉન્નતિ
ઉન્નતિ
વિકાસ શિક્ષણ સંગઠન

## અનુક્રમ


| | |
|---|---|
| **સંપાદકીય** | ૧ |
| **વિકાસલક્ષી જાણકારી** | |
| • સુશાસન અને ઉત્તરદાયિત્વ | ૨ |
| • નાગરિક નેતૃત્વ | ૩ |
| **નાગરિકોની સામેલગીરી** | |
| • એમએનઆરઈજીએમાં મહિલા સરપંચની આગેવાની | ૫ |
| • અન્નનો અધિકાર મેળવ્યો | ૫ |
| **સમાચાર દર્પણ** | ૭ |
| **આપના પ્રતિભાવો** | ૭ |
| **યોજનાકીય માહિતી** | ૮ |


**સંપાદક ટીમ**
ઈસુદાસ વાઘેલા, નેહા પંડ્યા,
રોશન ગભણે, જ્યોતિ મુંદરી,
એલિસ મોરિસ

***ફક્ત અંગત વિતરણ અને શૈક્ષણિક હેતુથી પ્રકાશિત***

# સુશાસન અને ઉત્તરદાયિત્વ

## સારું શાસન કોને કહેવાય?

સ્વશાસન મજબુત ન હોય તો સામાજિક અને આર્થિક પ્રશ્નો ખૂબ ઊભા થાય છે. ઈતિહાસમાં ક્યારેય પણ નબળું શાસન લાંબો સમય પોતાનું અસ્તિત્વ ટકાવી શક્યું નથી. તો સમાજના દરેક વર્ગનો વિકાસ સમાન રીતે થાય તેવું આદર્શ શાસન કેવું હોય? સ્વશાસનનો સિદ્ધાંત કદાચ માનવજાત જેટલો જ જૂનો છે તેમ મનાય છે. અસરકારક સ્વશાસન તમામ જરૂરિયાતો તથા સાધનનું ધ્યાન રાખી નિર્ણય લેવાની અને તે નિર્ણયને અમલમાં મૂકવાની પ્રક્રિયા છે.

દરેક સરકાર, સ્વશાસનની પ્રક્રિયામાં ચાવીરૂપ ભાગ ભજવે છે. જમીનના માલિકો, ખેડૂતોનાં સંગઠનો, સામાજિક સંસ્થાઓ, ધાર્મિક નેતાઓ, નાણાકીય અને રાજકીય સંસ્થાઓ વગેરે ગ્રામીણ સ્તરે નિર્ણયાત્મક પરિબળો છે. સમૂહ માધ્યમો, કોઈ ચોક્કસ વિચારધારાને ટેકો આપતી સંસ્થાઓ, દાતાઓ, બહુરાષ્ટ્રીય કંપનીઓ વગેરે દબાણ કરીને નિર્ણયોને પોતાની તરફેણમાં લેવડાવવાનો પ્રયત્ન કરતાં હોય છે. આ પરિસ્થિતિમાં સ્વશાસન ઉદાહરણરૂપ કેવી રીતે બની શકે? જો નીચે આપેલી આઠ બાબતોનો સ્થાનિક સ્વશાસનમાં સમાવેશ થાય તો જ સ્વશાસન વધુ મજબૂત બની શકે:

(૧) **સક્રિય ભાગીદારી:** સમાજના તમામ વર્ગો જ્યારે વિકાસની પ્રક્રિયામાં સક્રિય બની ભાગ લે છે ત્યારે જ પ્રગતિ ચરમ સીમા પર પહોંચશે. સ્વશાસનમાં ખાસ કરીને નબળા વર્ગો, મહિલાઓ, વિકલાંગો તેમ જ વિધવા બહેનોને પણ વિકાસની પ્રક્રિયામાં સહભાગી બનાવવા જરૂરી છે.

(૨) **કાયદાનું પાલન:** સામાજિક અને રાજકીય વ્યવસ્થા જાળવવા માટે કાયદાનું પાલન કોઈ પણ ભેદભાવ વગર થાય તે આવશ્યક છે. માનવ અધિકારોનું ક્યાંય પણ ખંડન ન થાય તો જ સ્વશાસન સાચી દિશા તરફ જઈ રહ્યું છે એમ ગણાય.

(૩) **પારદર્શિતા:** અમલમાં મૂકેલા નિર્ણયોની જાણકારી નીતિ-નિયમો અનુસાર સરળતાથી સૌને મળી રહે તે પારદર્શિતા છે.

(૪) **ઉત્તરદાયિત્વ:** દરેક નાગરિક, સંસ્થાઓ અને તમામ હિતધારકોને ઉત્તરદાયી હોય તેવું શાસન હોવું જોઈએ.

(૫) **સર્વસંમતિ:** સમાજમાં વિવિધ પ્રકારના સમુદાયો, વિચારધારા અને હિત ધરાવતા લોકો હોય છે. આ બધાનો સમાવેશ કરીને સૌના ભલા માટે કામ કરે તેવું શાસન આવશ્યક છે. તે માટે લાંબા ગાળાનો ટકાઉ વિકાસનો દૃષ્ટિકોણ હોવો જોઈએ.

(૬) **સમભાવી અને સમાવેશક:** આર્થિક રીતે સમૃદ્ધ કે પછાત વર્ગ, સ્ત્રી કે પુરુષ કે પછી ખૂબ ભણેલા અને પ્રમાણમાં ઓછું ભણેલા કે નિરક્ષર એમ તમામનો સમાવેશ કરનારું શાસન સાચું સ્વશાસન છે. સમાજનાં વંચિત સમુદાયને પોતાનો વિકાસ કરવા માટેની તકો પૂરી પાડે એ પણ શાસનની જવાબદારી છે.

(૭) **અસરકારક અને કાર્યક્ષમ:** ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કરીને સમાજની જરૂરિયાતો સંતોષે તેવી વિકાસની પ્રક્રિયા યોજીને અસરકારક અને કાર્યક્ષમ શાસન પુરું પાડવું.

(૮) **જવાબદારી:** તમામ સંસ્થાઓ અને પ્રક્રિયાઓ નિશ્ચિત સમય મર્યાદામાં તમામ હિતધારકોની જરૂરિયાતો સંતોષે તેવો પ્રયાસ કરવો જોઈએ.

## ઉત્તરદાયિત્વનો અર્થ શું છે?

જે શાસન કરે તે જેના ઉપર શાસન કરાય છે તેને ઉત્તરદાયી છે, તેને જવાબદાર છે. એટલે કે શાસન કરનાર બેફામપણે શાસન કરી શકે નહી. લોકોને હક છે કે તેમના પર શાસન કરનારા પાસે તેઓ હિસાબ માગે. વિકાસને આ ઉત્તરદાયિત્વ સાથે સંબંધ છે. શાસન વ્યવસ્થા અને શાસકો જો નાગરિકો પ્રત્યે ઉત્તરદાયી હોય તો તેમને નાગરિકોના વિકાસનાં કામો કરવાની ફરજ પડે છે. લોકશાહી એટલે લોકોનું શાસન લોકો પર, એટલે શાસકો લોકો જ નક્કી કરે છે. માટે જ લોકશાહીમાં લોકો પ્રત્યેની શાસકોની આ જવાબદારી એ લોકશાહીનો પ્રાણ છે. એના વિના લોકશાહી ટકી ન શકે. લોકશાહીમાં જો ઉત્તરદાયિત્વ ઊભું ના થાય તો લોકશાહી પોલંપોલ રહે. ઉત્તરદાયિત્વ એ રીતે લોકશાહીને નક્કર બનાવે છે. ઉત્તરદાયિત્વથી શાસન વ્યવસ્થામાં અને લોકશાહીની સંસ્થાઓમાં લોકોના વિશ્વાસનું સર્જન થાય છે. પણ આવું લોકો પ્રત્યેનું ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટે પણ લોકશાહી સંસ્થાઓને મજબૂત બનાવવી પડે

તેમ છે. ભારતમાં મુસીબત એ છે કે લોકશાહી સંસ્થાઓ સરસ ઊભી થઈ છે પણ તે મજબૂત નથી.

જો લોકશાહી સામાન્ય લોકોની ચિંતાઓ અને જરૂરિયાતોને પ્રતિભાવ ન આપી શકે તો પછી તે લોકશાહી વધુ સારી રીતે કામ આપે તેવી આશા કેવી રીતે રાખી શકાય? નાગરિકો શાસકોની સત્તા પર અંકુશ રાખવા માટે અને સરકારી નિર્ણયો પર પ્રભાવ પાડવા માટે માત્ર પોતાનાં મંતવ્યો અને પસંદગીઓ રજૂ કરવાથી આગળ વધે તે જરૂરી છે. ઉત્તરદાયિત્વનો સંબંધ સત્તા સાથે છે. લોકો માત્ર સરકારના નિર્ણયમાં હકારાત્મક ભૂમિકા ભજવે એટલું જ જરૂરી નથી. પરંતુ તેની સાથે તેઓ શાસકોને પોતાના પ્રત્યે ઉત્તરદાયી બનાવવાનો અધિકાર ધરાવે છે એ પણ એટલું જ અગત્યનું છે. લોકો સરકારી નિર્ણયો અને સરકારી કૃત્યો વિશેના પ્રશ્નોના જવાબો માગી શકે છે અને જે સરકારી સંસ્થાઓ અથવા અધિકારીઓ તેમની જવાબદારી બરાબર અદા ન કરે તેમને તેઓ ઠપકો આપી શકે છે.

જ્યારે આપણે ઉત્તરદાયિત્વની વાત કરીએ છીએ ત્યારે તેમના ઘણા સંદર્ભો છતા થાય છે. જવાબદારી કોના પ્રત્યે, શાને માટે અને કયાં ધોરણો વગેરે સવાલો તેમાંથી ઊભા થાય છે. ઘણીવાર કાનૂની રીતે કશુંક ખોટું કરવામાં આવે તો સજા કરવામાં આવે છે. દા. ત. કોઈ કંપની પર્યાવરણ અંગેનાં ધોરણોનો ભંગ કરે અને તેને કોઈ સજા જ ના થાય તો એનો અર્થ એ કે ઉત્તરદાયિત્વ જેવું કોઈ તત્વ જ નથી. એનાથી સાબિત થાય છે કે દેશના કાયદા કાનૂન ખૂબ નબળા છે અથવા તો તેમનો અમલ ખૂબ ખરાબ રીતે થાય છે. એ ઘણીવાર શિક્ષકો, ડૉક્ટરો અને એમના જેવા બીજાઓને પણ સજા કરવાની વાત થાય છે કે જેઓ તેમનાં વ્યવસાયનાં ધોરણોનું પાલન કરતા નથી. લોકશાહી શાસન માટે આ તમામ પ્રકારનું ઉત્તરદાયિત્વ કેન્દ્રસ્થાને છે. તેનાથી જેઓ લોકોનો વિશ્વાસ ધરાવે છે એવા શાસકો વધારે અસરકારક રીતે અને વાજબી રીતે વર્તે છે. જો એવું ના થાય તો લોકોના વિશ્વાસનું ધોવાણ થાય છે. રાજ્ય મજબૂત નથી એવી છાપ ઊભી થાય છે. તેથી ઘણીવાર તો એવું પણ લાગે છે કે શું ખરેખર રાજ્ય અસ્તિત્વમાં છે ખરું?

લોકશાહીમાં લોકો બે રીતે ઉત્તરદાયિત્વની માગણી કરી શકે છે: (૧) નાગરિક સમાજના કાર્ય દ્વારા અને (૨) પ્રતિનિધિત્વ અને સત્તાની સોંપણીના માળખા દ્વારા. પરંતુ ચૂંટણી ઉપરાંત ઉત્તરદાયિત્વનાં જે માળખાં છે તે ઔપચારિક છે. ન્યાયતંત્ર, ધારાસભા અને કોરાબારી (સરકાર) વચ્ચે નિયંત્રણો ગોઠવાયાં છે. આ બાબત ખૂબ અગત્યની છે. આ ઉપરાંત માનવ અધિકાર પંચ, ચૂંટણી પંચ, જાહેર સેવા પંચ, લોકપાલ, ઑડિટર જનરલ, ભ્રષ્ટાચાર-વિરોધી કચેરી વગેરે જેવી સ્વતંત્ર અને વિશિષ્ટ સંસ્થાઓ પણ છે. લોકશાહીને મજબૂત બનાવવા અને શાસકોનો લોકો પ્રત્યે વધુ જવાબદાર બનાવવા આ બધાં ઔપચારિક માળખાંની આવશ્યક્તા છે.

# નાગરિક નેતૃત્વ

## નાગરિક નેતાઓ

નાગરિક નેતૃત્વ એટલે એવી વ્યક્તિઓનું જૂથમાં પરિવર્તન કે જેઓ પ્રશ્નો પૂછે, તેઓ 'જે છે' તેને સમજવા તૈયાર હોય છે અને 'શું થઈ શકે' તે માટે સામૂહિક ચેતના ઊભી કરવા મદદરૂપ થવા તૈયાર હોય છે. નાગરિકો સમૂહમાં એકત્ર થાય તો નવું જ્ઞાન ઊભું થાય છે, શક્યતાઓના જગતને વિસ્તારે છે અને તે તેના સમુદાયના નેતાઓને સામૂહિક રીતે ઈચ્છનીય એવા ભવિષ્ય માટેની દૃષ્ટિ વિકસાવવામાં મદદ કરે છે. અને તે શ્રદ્ધાઓ વ્યવહારમાં ઊતરે તથા કલ્પનાઓ સાકાર બને તે માટેના રસ્તાઓ શોધે છે. નાગરિક નેતાઓ સારા નાગરિક બનીને પોતાનું જ ઉદાહરણ પેશ કરે છે. તેઓ કઠોર પરિશ્રમ કરે છે, બીજાઓને મદદ કરે છે અને પ્રામાણિક્તાથી કામ કરે છે. તેઓ પરિવાર અને સમુદાયમામાં ઉદાહરણો બેસાડે છે. અનેક નાગરિકો એને જરૂરી માને છે અને પોતાના જીવનનો ઈચ્છનીય ભાગ ગણે છે. સાર્વજનિક હિત માટે કામ કરવાની ઈચ્છા, સામૂહિક રીતે સમસ્યાઓ ઉકેલવાની અને સમાજની પરિસ્થિતિને સુધારવાની ઈચ્છા વ્યક્તિને નેતા બનાવે છે. નાગરિક, કર્મશીલો નાગરિકો અને રાજ્ય વચ્ચે સેતુ બને છે. નાગરિકો જ્યારે સમાજનું નિર્માણ કરે છે અને શાસનને સુધારે છે ત્યારે તેઓ નેતા બને છે. આવા નાગરિક નેતાઓને માન્યતા આપવી, તેમને દશ્યમાન બનાવવા અને તેમને પ્રોત્સાહન આપવું એ મહત્ત્વની બાબત છે. જે નાગરિકો અન્ય નાગરિકોને કામ કરવા માટે સક્ષમ બનાવે છે તે નાગરિકો નેતા બને છે. તેઓ સમાજમાં નીતિવિષયક બાબતો માટે નાગરિકોની કર્મશીલતાને પ્રોત્સાહન આપે છે. આવા દરેક પ્રયાસમાં રચનાત્મક પ્રશ્નો હોય છે, ઊંચી અપેક્ષાઓ હોય છે અને લોકો જે કાંઈ કરવા માગે છે તે સામૂહિક રીતે કામ કરીને કરી શકાય એવો વિશ્વાસ હોય છે.

નાગરિક નેતા પાસે જે દિશા, શક્તિ અને પ્રભાવ છે કે આપોઆપ

મળેલાં હોય છે અથવા તો એ મેળવેલાં હોય છે. સ્થાનિક સમુદાયના નિવાસીઓ જ્યારે પ્રતિબદ્ધતા અને દૃષ્ટિ સાથે આગળ વધે છે, સમુદાયની અસ્કામતો વિશે સમજ કેળવવા નાગરિકોને પ્રોત્સાહન આપે છે. પોતાના વિસ્તારની પરિસ્થિતિ સુધારવાના રસ્તા વિચારે છે અને નવતર બાબતો શોધી કાઢે છે ત્યારે તેમાંથી જ કોઈક નાગરિક નેતા ઊભો થાય છે. નાગરિક નેતાઓ ગમે તે હોઈ શકે: શિક્ષકો, ખેડૂતો, સુથારો, ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ કે ગમે તે. તેઓ શિક્ષણ, આરોગ્ય, પાણી, વીજળી, સફાઈ, અગરબત્તી, કાગળ જેવી વસ્તુઓ બનાવતા અને આર્થિક સલામતી ઊભી કરનારા કુટિર ઉદ્યોગો, સ્વ-સહાય જૂથોને મજબૂત કરવા, વિકાસલક્ષી પ્રશ્નો વિશે યુવાનોને જાગૃત કરવા જેવા મુદ્દાઓ પર ધ્યાન આપી શકે છે.

સ્થાનિક નાગરિક નેતા સમુદાયનાં મહત્ત્વનાં મૂલ્યો અને અસ્કામતોને દૃશ્ય બનાવે તે રીતે નવતર કાર્ય કરવાની તક ધરાવે છે. તેમાંથી સ્થાનિક સ્તરે નેતૃત્વ અને સહભાગિતા ઊભાં થાય છે. આ નવતર કાર્ય સ્કાઉટ જૂથ, વડીલ મંડળ, નારી જૂથ, મહિલા મંડળ, યુવક મંડળ વગેરે જેવાં હયાત જૂથોને મજબૂત બનાવે છે અથવા તો નવાં જૂથો જન્માવે છે. દા. ત. કિશોરો અને કિશોરીઓનું જૂથ તેમના વિસ્તારના લોકોની એક યાદી બનાવી શકે, તેઓને સ્વૈચ્છિક પ્રવૃત્તિઓમાં પછીથી જોડી શકાય. તેથી સમુદાયના સભ્યો પરિયોજનાનાં આયોજન, અમલ અને મૂલ્યાંકનની જવાબદારી સંભાળતા થાય. નાગરિક નેતાઓના કાર્યનું મૂલ્ય ખૂબ જ છે, માત્ર એક જ સમુદાય માટે નહી, પણ બીજાં મોટાં નેટવર્ક માટે પણ. કારણ એ છે કે તેઓ નવીનતમ બાબતોનું વિસ્તરણ કરતા જ જાય છે. તેને પરિણામે વધુ ને વધુ નવતર બાબતો ઊભી થતી જ જાય છે અને સમુદાયની સામેલગીરી માટે તેમાંથી પ્રેરણા મળે છે. આ રીતે તેઓ સમુદાયનું વિધાયક ભવિષ્ય ઘડવામાં પોતાનું પ્રદાન આપે છે.

**નાગરિક નેતાઓની ભૂમિકા**

**(૧) સમાજનું નિર્માણ**

નેતાઓનું સૌ પ્રથમ મહત્વનું કાર્ય નીચેના માર્ગોએ સમાજનું નિર્માણ કરવાનું છે:

(અ) **સામાજિક જાગૃતિ:** તેમાં ગરીબો અને તરછોડાયેલા લોકોની સભાનતાનો અને તેમને શાસનની રાજકીય નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર બનાવવાનો સમાવેશ થાય છે. તેમને જાગૃત કરવાનો હેતુ રચનાત્મક વિકાસલક્ષી પ્રવૃત્તિમાં સામેલ કરવાનો છે, તો મોટા પાયે વિરોધ દર્શાવવાની પ્રવૃત્તિમાં લઈ જવાનો પણ છે.

(આ) **સામાજિક બાદબાકીનું નિવારણ:** સમાજના એવા વંચિત અને અસહાય વર્ગોનો મુખ્ય પ્રવાહમાં સમાવેશ કરવાનો હોય છે કે જેઓ હજુ સુધી અદૃશ્ય અને અવાજવિહીન છે.

(ઈ) **મતભેદોનું સંચાલન:** સમુદાયની અંદર જે સંઘર્ષો ઊભા થાય છે તેમનું નિવારણ વાટાઘાટો દ્વારા થાય અને બંને પક્ષોને સ્વીકાર્ય એવા નિર્ણયો દ્વારા થાય.

**(૨) શાસનની સંસ્થાઓમાં સામેલગીરી**

નેતાનું એક બીજું મહત્ત્વનું કાર્ય વિવિધ સંસ્થાઓ સાથેની સામેલગીરી છે. જેમ કે, આરોગ્ય મંત્રાલય, શિક્ષણ મંત્રાલય અને સમાજના વિકાસ માટે કાર્ય કરનારાં બિન-સરકારી સંગઠનો સાથે તેમણે નીચેની રીતોએ સંપર્ક જાળવવાનો રહે છે.

(અ) **અવાજ:** વિવિધ મંચો દ્વારા સમુદાયને અસર કરનારા ઉપસ્થિત થતા પ્રશ્નો વિશે લોકોને અવાજ રજૂ કરવો.

(આ) **વાટાઘાટો:** સમાન સ્તરે જ વાટાઘાટો થઈ શકે. સમુદાય વતી વાટાઘાટો કરીને સમસ્યાનો ઉકેલ શોધવાનો પ્રયાસ કરવામાં આવે છે.

(ઈ) **વિશ્વસનીયતા:** 'નેતા જે કહે છે તે કરે છે' એવું લોકોને લાગવું જોઈએ. મહત્ત્વના પ્રસંગોએ તેમની હાજરીથી વિશ્વસનીયતા ઊભી કરવી પડે છે.

ઉપરોક્ત બંને કાર્યો ચક્રીય પ્રક્રિયા ધરાવે છે અને નેતાનાં જ્ઞાન, વલણો અને કૌશલ્ય પર તે આધારિત છે. તેથી આ ભૂમિકાઓ ભજવવા માટે આપણે વિવિધ નેતાઓની જરૂર રહે છે અથવા તો એક એવી વ્યક્તિની જરૂર રહે છે કે જે અનેક ભૂમિકાઓ ભજવી શકે. દા. ત. સ્વ-સહાય જૂથમાં એક વ્યક્તિ ખજાનચી તરીકે અને મંત્રી તરીકે પણ કામ કરે. જો તેની પાસે કાર્યક્ષમતા અને કૌશલ્ય હોય તો તે એ બંને કામ કરી શકે. ઉપરાંત, એ નેતા પાસે સ્પષ્ટ દિશા હોવી જોઈએ, સ્પષ્ટ ભાવિ દૃષ્ટિ હોવી જોઈએ. દા.ત. સ્વ-સહાય જૂથોની નિયમિત બેઠકો યોજવાનો મૂળભૂત હેતુ શો છે? શું તે આર્થિક સક્ષમતા વધારવા માટે જ છે કે પછી તે સમાજના અન્ય મહત્ત્વના પ્રશ્નો વિશે ચર્ચા કરવાનો મંચ પણ બને છે. વળી, આ બેઠકોનું આયોજન એ રીતે થવું જોઈએ કે જેથી વિધવાઓ, દલિતો, આદિવાસીઓ, વૃદ્ધો, લઘુમતીઓ, વિકલાંગો જેવા વંચિત વર્ગોને પણ તેમનો અવાજ રજૂ કરવાની તક મળે. સમાજ નિર્માણની પ્રક્રિયાની સાથે સાથે આ પ્રક્રિયા ચાલે તો સામાજિક નીતિઓના ઘડતરમાં પણ નાગરિકોની સક્રિય સહભાગિતા ઊભી થાય.

# એમએનઆરઈજીએમાં મહિલા સરપંચ

## મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી કાયદા હેઠળ ચોસર ગામનાં મહિલા સરપંચે કરેલા વિકાસનાં કામો



ગામમાં સરપંચનો હોદ્દો સૌથી મહત્ત્વનો છે, કારણ કે સરપંચ લોકોના સીધા સંપર્કમાં હોય છે. લોકો પ્રત્યે તેમની જવાબદારી પણ ઘણી વધારે હોય છે. સરપંચ તરીકેની સક્રિય ભૂમિકા ભજવવાની હોય છે. સમાજમાં એક ગેરમાન્યતા જોવા મળે છે કે મહિલા સરપંચ એટલે ડમી સરપંચ પરંતુ ચોસરના મહિલા સરપંચે વિકાસના કામો કરીને આ માન્યતાને ખોટી પાડી દીધી છે. અમદાવાદ જિલ્લાનાં દસક્રોઈ તાલુકાનાં ચોસર ગામે ૨૦૦૭માં ચૂંટાયેલા મહિલા સરપંચનું જીવંત ઉદાહરણ છે. શિક્ષિત એવા ભાવિબેન પોતાની કોઠાસૂઝ અને મહેનતથી ગામની તસ્વીર બદલી નાખી છે. તેઓએ ગામ વિકાસનાં કામો તો ઘણાં કર્યા છે. પરંતુ સૌથી પ્રથમ નજરે પડે તેવા કામોની વાત જ કંઈક જુદી છે. જેમાં મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર બાંયધરી કાયદા હેઠળ કરેલા ગામ વિકાસનાં કામો. જે વર્ષે ૨૦૦૬થી જ્યારે આ કાયદો અમલમાં આવ્યો અને ૨૦૦૮નાં વર્ષમાં પૂરા દેશમાં લાગુ કરવામાં આવ્યો જેનો પૂરેપુરો ફાયદો ભાવિબહેનને તેમનાં ગામના વિકાસ માટે ઉઠાવ્યો. લોકોએ રોજગારી મેળવી જેમાં ૮૦ ટકા મહિલાઓ જોડાઈ હતી. ગામમાં રસ્તાઓ, ત્રણ પંચવટી જેવાં મહત્ત્વનાં કામો કરાવ્યાં. આ કામમાં વૃદ્ધ, વિકલાંગોને પણ ધ્યાનમાં રાખીને રોજગારી અપાવી હતી. આ ઉપરાંત ભાવિબહેનને ચોસર ગામને સ્વચ્છતા અભિયાન હેઠળ ગામને સ્વચ્છ બનાવવું, પ્રાથમિક શાળાને સુવિધા પૂરી પાડવી અને જી.આ.ઈ.ડી.સી.નાં પ્રદુષણથી ગામને સુરક્ષિત રાખવા માટે ઘણા પ્રયત્નો કરેલ છે. સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન હેઠળ ૧૦૦ ટકા શૌચાલયનું બાંધકામ કરેલ છે. ભાવિબહેન ઉન્નતિ સાથે "ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિ સંઘ"ના સક્રિય સભ્ય છે. ઉન્નતિ દ્વારા આયોજીત તાલીમ કાર્યક્રમો, મિટીંગો અને સેમિનારમાં પૂરેપૂરી ભાગીદારી નોંધાવે છે અને અન્ય મહિલા સરપંચો માટે ઉદાહરણરૂપ બની રહે છે.

# અન્નનો અધિકાર મેળવ્યો

## સુખીબહેનની હિંમતને લીધે સસ્તા અનાજની દુકાનમાંથી પૂરતો જથ્થો મળતો થયો



અમદાવાદ જિલ્લાનાં દસક્રોઈ તાલુકામાં આવેલ કઠવાડા પાટીયા પાસે રાયચંદ મેઘરાજની ચાલી આવેલી છે જ્યાં સુખીબહેન અને તેમનું કુટુંબ રહે છે. સુખીબહેનની શીખવાની ધગશ અને કંઈક નવું જાણવાની ઈચ્છા શક્તિ તેમના માટે ખૂબ ટેકારૂપ બની છે. પોતાના વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓથી લઈને જમીન માલિકીનાં પ્રશ્નો અંગે તેમણે વહીવટી કચેરીઓ, સરકારી અધિકારીઓને રજુઆત

કરીને ચાલી વિસ્તારમાં માળખાગત સુવિધાઓ પ્રાપ્ત કરાવી છે. સુખીબહેને દૈનિક વર્તમાનપત્રમાં ગુજરાત રાજ્ય અન્ન અને પુરવઠા વિભાગ દ્વારા અપાયેલ રેશનકાર્ડ ધારકોને મળતા જથ્થા અને ભાવપત્રકની માહિતી વાંચી ઘણા સમયથી તેમને તેમના વિસ્તારની સસ્તા અનાજની દુકાનમાં મળતાં જથ્થા પ્રત્યે અસંતોષ હતો. સરકાર દ્વારા જાહેર કરાયેલ આ માહિતી લઈને તેઓ સસ્તા અનાજની દુકાને ગયા અને આ કાગળ બતાવ્યો શરૂઆતમાં દુકાનદાર આ કાગળ જોઈને ગુસ્સે થઈ ગયો અને જણાવ્યું કે સ્ટોક જ નથી. ત્યારબાદ સુખીબહેને દુકાનદારને જણાવ્યું કે ભાવપત્રક મુજબ જથ્થો નહી આવે તો આગળ ફરિયાદ કરીશ સુખીબહેને સીંગરવા પંચાયતનાં સરપંચને ફરિયાદ કરી અને સરપંચે દુકાનદાર પાસે સ્ટોકની વિગતો માંગી અને દુકાન સમયસર ખોલીને પૂરતો જથ્થો આપવા જણાવ્યું. સુખીબહેનની હિંમતને કારણે અત્યારે તેમના આજુબાજુનાં લોકોને નિયમ મુજબ અનાજનો પૂરતો જથ્થો મળી રહે છે.

## માહિતી અધિકાર અંતર્ગત ચાલતા આરટીઆઈ કેમ્પની વિગત

| ક્રમ | તાલુકાનું નામ | કેમ્પનું સ્થળ | કેમ્પની તારીખ |
|---|---|---|---|
| ૧. | ધોળકા | એ.પી.એમ.સી. | પ્રથમ-ચોથો સોમવાર |
| | | મલાવ તળાવ | પ્રથમ-બીજો-ચોથો સોમવાર |
| | | મધિયા ચોકડી | ત્રીજો સોમવાર, પ્રથમ-ત્રીજો ગુરૂવાર |
| ૨. | ખેડબ્રહ્મા | બસ સ્ટેન્ડ પાસે, પોશીના | દરેક મહિનાની ૧૫ અને ૩૦ |
| | | દેલવાડા આંબલી ચોરો | ચોથો સોમવાર |
| | | પોશીના બસ સ્ટેન્ડ | ત્રીજો શુક્રવાર |
| | | ટેક્ષી સ્ટેન્ડ માતાજી મંદિર | ત્રીજો શુક્રવાર |
| | | માંડવડી ચોક, લાંબડીયા | ત્રીજો બુધવાર |
| ૩. | મોડાસા | હડાદ બસ સ્ટેન્ડ | પહેલો શુક્રવાર |
| | | મામલતદાર કચેરી સામે | દરેક મહિનાની ૬ તારીખે |
| | | તાલુકા પંચાયત કચેરીની બાજુમાં | દરેક મહિનાની ૧૨ તારીખે |
| | | ટીટોઈ | દરેક મહિનાની ૧૫ તારીખે |
| | | લીભોંઈ | દરેક મહિનાની ૨૨ તારીખે |
| ૩. | ઈડર | મેઢાસણ | દરેક મહિનાની ૨૬ તારીખે |
| | | એપોલો હોસ્પિટલ | દરેક મહિનાની ૯ અને ૧૯ તારીખે |
| | | વિજયનગર ચોકડી | દરેક મહિનાની ૧૫ અને ૨૫ તારીખે |
| | | સાંઈ મંદિર | દરેક મહિનાનો બીજો અને ચોથો ગુરુવાર |

**પૃષ્ઠ ૭નું શેષ**

ઉન્નતિ સંસ્થા દ્વારા લોકવાચા પત્રિકા બહાર પડે છે તે અમને ઊંડાણના વિસ્તારમાં મળે છે. તેમાં જુદી જુદી માહિતી જાણવા મળે છે. આ પત્રિકામાં સ્ત્રીનાં હક્કો, સરકારી યોજનાઓ, સસ્તા અનાજની દુકાન વિશેની માહિતી, માહિતી અધિકારના કાયદા વિશે આમ વિવિધ જાણકારી મળી રહે છે. જેનાથી અમારાં ગામમાં સસ્તા અનાજની દુકાનમાં સમયસર પુરવઠો આપવામાં આવે છે. શાળામાં બાળકોને સારૂ શિક્ષણ મળે છે કે નહી તે વિશેની દેખરેખ રાખતાં થયાં છે. આમ, લોકવાચા દ્વારા અમને ખૂબ સારી ઉપયોગી માહિતી મળી રહે છે. - **ચંદુભાઈ નાથાભાઈ**, ગામઃ અજાવાસ (ખેડબ્રહ્મા)

## સમાચાર દર્પણ

**પ્રાથમિક સુવિધાઓની સમૂહ આધારિત દેખરેખ:** તા. ૯થી૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૧ દરમ્યાન 'પ્રાથમિક સુવિધાઓની સમૂહ આધારિત દેખરેખ' વિશે એક તાલીમનું આયોજન જોધપુર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ઉન્નતિ સંસ્થાની જોધપુર અને અમદાવાદ ઓફિસના કુલ ૩૫ કાર્યકરોએ ભાગ લીધો હતો. આ તાલીમનાં મુખ્ય ઉદ્દેશો એ હતાં કે ટીમમાં પ્રાથમિક સુવિધાઓની સમૂહ આધારિત દેખરેખ અંગેની એક સમજ ઊભી થાય. સહભાગી પદ્ધતિની પ્રક્રિયાને વિકસાવવી અને તેનો સમુદાય દ્વારા સુવિધાઓનાં દેખરેખ માટે ઉપયોગ કરી શકે. આ તાલીમ, દરમ્યાન દેખરેખ અંગેની સમજ, દેખરેખની સંપુર્ણ પ્રક્રિયા વિશેનું માળખું ગ્રામ વિકાસનાં કાર્ય દરમ્યાનનું દેખરેખ માટે ઉપયોગમાં લીધેલ જુદી જુદી પદ્ધતિઓ પ્રક્રિયાઓનાં અનુભવોની આપ-લે તેમ જ દેખરેખ માટે સહભાગી ગ્રામીણ ચકાસણીનું મહત્ત્વ અને તેના જુદાં જુદાં પાસાંઓ વિશે તાલીમકાર દ્વારા સમજ આપવામાં આવી.



**નાગરિક નેતાઓ માટે 'સામાજિક ઉત્તરદાયિત્વ' અંગે તાલીમ**: તા. ૨૭, ૩૧મી જાન્યુઆરી ૨૦૧૧ અને તા. ૧લી ફેબ્રુઆરીનાં રોજ અનુક્રમે ધોળકા, દસક્રોઈ અને ખેડબ્રહ્મા મોડાસા અને ઈડર તાલુકાનાં નાગરિક નેતાઓ માટે એક દિવસીય 'સામાજિક ઉત્તરદાયિત્વ'નાં મુદ્દા ઉપર તાલીમ શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ શિબિરોમાં ચારેય તાલુકાઓનાં કુલ ૧૬૦ નાગરિક નેતાઓ હાજર રહ્યા હતા. આ તાલીમ શિબિરનાં મુખ્ય હેતુઓમાં સામાજિક ઉત્તરદાયિત્વ અને પ્રાથમિક સુવિધાઓની સમૂહ આધારિત દેખરેખ માટે નાગરિક નેતાઓની સક્ષમતા વધારવી અને દેખરેખ માટેનાં માપદંડો વિકસાવવા. જેથી કરીને ગરીબો અને વંચિતો સુધી પ્રાથમિક સુવિધાઓ અને સરકારી યોજનાઓનાં લાભ પહોંચી શકે. આ તાલીમ શિબિરમાં જૂથ ચર્ચા, જુદી જુદી રમતો દ્વારા નાગરિક નેતાગીરી અને તેઓની ભૂમિકા, સામાજિક ઉત્તરદાયિત્વ અને તેના જુદા જુદા પાસાંઓ વિશે માહિતી આપવામાં આવી હતી. સાથે સાથે આવાસ યોજનાઓનાં દેખરેખ માટે માપદંડો પણ જૂથ દ્વારા વિકસાવવામાં આવ્યા હતાં. આમ આ તાલીમ શિબિર નાગરિક નેતાઓ માટે ખૂબ ઉપયોગી બની હતી.



## આપના પ્રતિભાવો

ઉન્નતિ સંસ્થા દ્વારા દર માસે પ્રગટ થતાં લોક વાચા અંકમાં જુદા જુદા પ્રકારની માહિતી મળે છે. જે રીતે એનઆરઈજીએ, શાળા વિશેની, સ્ત્રીઓના હકો વિશેની, ઈન્દિરા આવાસ, સરદાર આવાસ વિશે એમ અલગ અલગ પ્રકારની માહિતી અમારા ઊંડાણના વિસ્તાર સુધી કાર્યકરો દ્વારા દર માસે નિયમિત લોકવાચાની પ્રત્રીકા મળતી રહે છે. માહિતી અધિકારના કાયદા હેઠળ દર માસે પોશીના બસ સ્ટેન્ડ ખાતે યોજાતા આર.ટી.આઈ કેમ્પની મુલાકાત દરમ્યાન મે મારા ભેંસના વીમાની મુદત એક વર્ષ થવા છતાં વીમો ન મળતાં મે આ કાયદા હેઠળ અરજી કરી હતી તો મને એક માસની અંદર દેના બેંક, ખેડબ્રહ્મા મારફતે વીમો મળી ગયો હતો અને અત્યારે માહિતી અધિકારના કાયદાથી મેળવવી કોઈ પણ મુશ્કેલી હોય તો કોઈ પણ વિભાગમાં અરજી કરી માહિતી મેળવતા થયા છીએ. આ માહિતી અધિકારીનો કાયદો અમારી મુશ્કેલીઓ સમસ્યાઓ હલ કરવામાં બહુ જ ઉપયોગી નીવડ્યો છે. લોકવાચા અંકથી અમને નવા નવા કાયદાની માહિતી મળતી રહે છે. તેથી આ પત્રીકા અમારા માટે બહુ જ ઉપયોગી છે. - **ડાભી ભોજાભાઈ રોમાભાઈ**, મુ. લાખીયા. (નાની ભોયણ), તા. ખેડબ્રહ્મા.

**જુઓ પૃષ્ઠ ૬**

## ગુજરાતમાં આઈસીડીએસમાં (આંગણવાડી) ૩ માસથી ૬ વર્ષના બાળકો, સગર્ભા, ધાત્રીમાતા અને કિશોરીઓને મળવાપાત્ર પૂરકપોષણ આહાર.

### ૬ માસથી ૩ વર્ષ સુધીનાં બાળકો

| ક્રમ | વિગત | પ્રથમ અને બીજા ગ્રેડના સામાન્ય બાળકો | ત્રીજા અને ચોથા ગ્રેડના કુપોષીત બાળકો |
|---|---|---|---|
| ૧. | પુરક પોષણ આહાર આપવાની પદ્ધતિ | બાળકોની માતાને બાળભોગનાં ૭ પેકેટ ઘરે લઈ જવા. | બાળકોની માતાને બાળભોગનાં ૧૦ પેકેટ ઘરે લઈ જવા. |
| ૨. | લાભાર્થી દીઠ દૈનિક પ્રમાણ | ૧૨૫ ગ્રામ | ૧૮૫ ગ્રામ |
| ૩. | ૧ માસ માટે મળતા પેકેટની સંખ્યા અને કિ.ગ્રામ | ૫૦૦ ગ્રામ - ૭ પેકેટ | ૫૦૦ ગ્રામ - ૧૦ પેકેટ |
| ૪. | દરેક લાભાર્થી પાછળ થતું દૈનિક ખર્ચ | રૂ. ૫.૩૨ | રૂ. ૭.૯૩ |

### ૩ વર્ષથી ૬ વર્ષ સુધીનાં બાળકો

| ક્રમ | વિગત | સામાન્ય બાળકો | કુપોષીત બાળકો | સગર્ભા, ધાત્રીમાતા અને કિશોરીઓ |
|---|---|---|---|---|
| ૧. | આંગણવાડીમાં ગરમ નાસ્તો બે વાર | આંગણવાડીમાં ગરમ નાસ્તો બે વાર | ગરમ નાસ્તો બે વાર વાર બાળભોગનાં ૪ પેકેટ ઘરે લઈ જવા. | સુખડી, ઉપમા અને શીરાનાં પ્રિમિક્સ પેકેટ ઘરે લઈ જવા. |
| ૨. | લાભાર્થી દીઠ દૈનિક પ્રમાણ | ૧૩૦ ગ્રામ | ૧૩૦ ગ્રામ - ૭૫ ગ્રામ ઘરે લઈ જવા | ૧૩૩ ગ્રામ |
| ૩. | ૧ માસ માટે મળતા પેકેટની અને કિ. ગ્રા. | - | બાળભોગનાં ૪ પેકેટ ઘરે લઈ જવા. | સુખડી - ૧ કિ. ગ્રા. ઉપમા - ૫૦૦ ગ્રામના ૩ પેકેટ અને શીરો - ૫૦૦ ગ્રામ ૨ પેકેટ. |
| ૪. | દરેક લાભાર્થી પાછળ થતું દૈનિક ખર્ચ | રૂ. ૪.૩૪ | રૂ. ૬.૯૮ | રૂ. ૬.૬૫ |

આંગણવાડીમાં આવતા ૩થી ૬ વર્ષના બાળકોને સવારે ૫૦ ગ્રામ અને બપોરે ૮૦ ગ્રામ રોજ ગરમ નાસ્તો. આંગણવાડીમાં આવતા ૬ વર્ષના બાળકોને માતૃમંડળ/મહિલા મંડળ દ્વારા અઠવાડીયામાં ૨ દિવસ ફળ આપવા. દરેક ગામમાં માતૃમંડળ/મહિલા મંડળને સુખડી, ફળ ખરીદવા માટે પૈસા બેંક ખાતામાં જમા થાય છે. શું આપણી આંગણવાડીમાં આ પ્રમાણે મળે છે.

ઉન્નતિ
વિકાસ શિક્ષણ સંગઠન
ઉન્નતિ જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨.
ઈ-મેલ: alice@unnati.org વેબસાઈટ: www.unnati.org
ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, પાલ-ચોપાસની બાય-પાસ લિંક રોડ, જોધપુર, રાજસ્થાન.
ફોન: ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: jodhpur_unnati@unnati.org

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.
મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોન: ૯૮૨૫૩૫૩૯૬૭

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.